# ગુજરાતમાં કોરોનાના કેસોમાં ૮૦ ટકા ઓમિક્રોનના

## ઓમિક્રોન વધારે ઘાતક નથી, પરંતુ જે લોકો કોમોર્બિડિટી ધરાવે છે તેમણે ખાસ ધ્યાન રાખવું જોઈએ

અમદાવાદ,તા.૧૯

રાજ્યમાં ગઈકાલે કોરોનાના ૧૭ હજારથી વધુ રેકોર્ડબ્રેક કેસો નોંધાયા બાદ રાજ્ય સરકાર દ્વારા બનાવાયેલી કોવિડ ટાસ્ક ફોર્સમાં સામેલ એક્સપર્ટ ડૉક્ટર્સે ઓમિક્રોનને સામાન્ય તાવ ના સમજવા ચેતવણી આપી છે. આ ઉપરાંત, રાજ્યમાં હાલ જે પણ નવા કેસ નોંધાઈ રહ્યા છે તેમાના ૭૦ ટકાથી વધારે ઓમિક્રોનના કેસ છે તેવું પણ ટાસ્ક ફોર્સ દ્વારા જણાવવામાં આવ્યું હતું. જોકે, ઓમિક્રોન વધારે ઘાતક નથી, પરંતુ જે લોકો કોમોર્બિડિટી ધરાવે છે તેમણે ખાસ ધ્યાન રાખવું જોઈએ. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને ટાસ્ક ફોર્સના સભ્યો દ્વારા આજે એક પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી.

જેમાં ડૉ. સુધીર શાહે જણાવ્યું હતું કે, કોરોના સામે લડવા માટે વેક્સિનેશન, માસ્ક, સેનિટાઈઝર અને સોશિયલ ડિસ્ટન્સિંગ જ મુખ્ય હથિયાર છે. તેમણે જણાવ્યું હતું કે, ડેલ્ટા વેરિયંટ ફેફસાંને વધારે ડેમેજ કરતો હતો, તેની અસરથી નાની ઉંમરના લોકો પણ બાકાત નહોતા રહી શક્યા. જેની સરખામણીએ ઓમિક્રોન ફેફસાંને ઓછું ડેમેજ કરે છે. હાલ હોસ્પિટલાઈઝેશનનું પ્રમાણ માંડ બે ટકા જેટલું છે, પરંતુ જો કેસોનો આંકડો લાખોમાં પહોંચી ગયો તો હોસ્પિટલો પર ભારણ વધી શકે છે. ડૉ. અતુલ પટેલના જણાવ્યા અનુસાર, ઓમિક્રોનના દર્દીમાં પણ લૉ રિસ્ક અને હાઈ રિસ્ક એમ બે કેટેગરીનો સમાવેશ થાય છે. જેમાં લૉ રિસ્ક દર્દીઓને માત્ર મોનિટર અને સિમ્પ્ટોમેટિક સપોર્ટિવ કેરની જરુર છે, જ્યારે વધુ ઉંમર તેમજ કોમોર્બિડિટી ધરાવતા હાઈ રિસ્ક પેશન્ટ્સના ફેફસાં પર ઓમિક્રોન અસર કરી શકે છે.

આ સ્થિતિમાં તેમને ક્યાંક એડમિટ કરવા પડી શકે છે. જો આવા દર્દીને રેમડેસિવિયર આપવામાં આવે તો ૮૯ ટકા દર્દીને આઈસીયુમાં એડમિટ નહીં કરવા પડે. તેમણે બીજી વેવની માફક મ્યૂકરમાઈકોસિસના કેસ ફરી ના વધે તે સુનિશ્ચિત કરવું મહત્વનું હોવાનું પણ કહ્યું હતું. ટાસ્ક ફોર્સના સભ્ય દિલિપ માવળંકરના જણાવ્યા અનુસાર, કોરોનાની ગાઈડલાઈનનું યોગ્ય રીતે પાલન થાય તે જરુરી છે. લોકો કારણ વિના ઘરની બહાર નીકળવાનું ટાળે. તેમણે એમ પણ કહ્યું હતું કે જો કોઈ નવો વેરિયંટ ના સર્જાયો તો કદાચ આ મહિનામાં જ કેસોની સંખ્યા ઘટી જશે. ડાયબેટોલોજિસ્ટ ડૉ. વી.એન. શાહે જણાવ્યું હતું કે ઓમિક્રોનને સામાન્ય તાવ સમજવાની ભૂલ ના કરવી જોઈએ. લાખો બાળકોને હજુય કોઈ વેક્સિન નથી મળી, જેથી આપણે સાવધાની રાખવાની જરુર છે. હાલ ચાલી રહેલી ત્રીજી લહેરની પીક જાન્યુઆરીના અંત કે ફેબ્રુઆરીના પહેલા સપ્તાહમાં આવી શકે છે.

ઓમિક્રોનના લક્ષણોની વાત કરતાં ડૉ. તુષાર પટેલે જણાવ્યું હતું કે, નાક બંધ થઈ જવું, તાવ, શરદી તેમજ ઉધરસ તેના મુખ્ય લક્ષણ છે. ઘણા દર્દીને ગળામાં અસહ્ય દુઃખાવો પણ થાય છે. પરંતુ ગભરાવવાની જરુર નથી. ત્રણ-ચાર દિવસમાં જ દર્દીની તબિયતમાં સુધારો આવી જાય છે. જોકે, ગળામાં દુઃખાવાના કારણે ક્યારેક દર્દી ડરી જાય છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આજની પ્રેસ કોન્ફરન્સમાં લોકોને સામાજિક મેળાવડા ટાળવા તેમજ તે સિવાય પણ ટોળામાં ભેગા ના થવા અને જરુર ના હોય તો ટેસ્ટ ના કરાવવા માટે અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, લોકો જાતે પણ ટેસ્ટ કરી રહ્યા છે, જો તેમણે સરકારને આ અંગે જાણ ના કરી તો તેમનો આંકડો રેકોર્ડ પર નહીં લાવી શકાય. સરકારે ત્રીજી લહેરને પહોંચી વળવા માટે પણ તમામ તૈયારી કરી લીધી છે, સાથે જ સરકારને આશા છે કે સ્થિતિ એટલી પણ નહીં વણસે કે ઓક્સિજન બેડની તંગી ઉભી થાય.



શ્રી જલીયાણ સેવા ગ્રુપ દ્વારા સ્પેશિયલ ચિલ્ડ્રન હોમ, સેકટર-૧૯ના બાળકોને ચીકી, ચોકલેટ, મિઠાઈ તેમજ ઠંડીમાં રાહત મળી શકે તે માટે કાનપટ્ટીનું વિતરણ કરવામાં આવ્યું હતું. જલીયાણ સેવા ગ્રુપ દ્વારા જરૂરીયાતમંદોને વિવિધ ચીજવસ્તુઓનું વિતરણ કરી સેવાકાર્ય કરવામાં આવે છે.

## એકના ડબલની લાલચ આપી અનેક લોકોને છેતર્યા

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે એક કા ડબલ અને સારું વળતર આપવાની લાલચ આપનાર ભાઈ-બહેનની ધરપકડ કરી છે. આ આરોપીઓએ અત્યાર સુધીમાં ૩ કરોડ રૂપિયાનો ચુનો શહેરીજનોને લગાવ્યો છે. ભાઈ-બહેનની ટોળકીમાં આરોપીઓ ચિરાગ મિત્ર મંડળ નામની પોન્જી સ્કીમ ઉભી કરીને ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો પાસેથી કરોડો રૂપિયાનું રોકાણ કરાવ્યું હતું. દર મહિને લકી ડ્રોમાં જે રોકાનકારનું નામ આવે તેને ૧.૫૦ લાખ રૂપિયા આપવાનો વાયદો કર્યો હતો. પરંતુ રોકાણ કર્યા બાદ આરોપીઓએ આવા કોઈ ડ્રો કર્યા નહોતા. જેને કારણે રોકાણકારોના નાણાં ડૂબી ગયા હતા. બાદમાં રોકાણકારોએ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ કરી હતી. જેને આધારે અમદાવાદ ક્રાઈમબ્રાન્ચે આરોપી ભાઈ-બહેનની ધરપકડ કરી છે. આરોપી ચિરાગ મહેશભાઈ ભદ્રા તેમજ મમતા મહેશભાઈ ભદ્રાના પિતાએ આ પોન્જી સ્કીમ શરૂ કરી હતી.

## ગત વર્ષે મહામંડળે વિક્રમજનક ૬૦૮૦ મૃતાત્માઓના અસ્થિ વિસર્જિત કર્યા

ગાંધીનગર તા.૧૯

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ૧૯૯૬થી અવિરતપણે ચાલતી અસ્થિવિસર્જન સેવાના ભાગરૂપે ગત વર્ષે વિક્રમજનક અસ્થિ વિસર્જન કરવામાં આવ્યાં હતા. વર્ષ ૨૦૨૧માં ગાંધીનગર શહેરમાં થયેલા ૩૭૫૬ મૃત્યુ સામે શહેર વસાહત મહામંડળ દ્વારા કુલ ૬૦૮૦ મૃતાત્માઓનું અસ્થિવિસર્જન કરવામાં આવ્યું હતું જેમાં કોરોના મહામારીની બીજી લહેર દરમિયાન ગત વર્ષે એપ્રિલ, મે અને જુનના ત્રણ જ માસમાં કુલ મૃત્યુ ૨૦૫૪ નોંધાયા હતા જે તમામ મૃતાત્માઓનું અસ્થિવિસર્જન પણ મહામંડળ દ્વારા કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ લાંબા સમયથી તેની સેવાકીય પ્રવૃત્તિઓ સાથે શહેરના વિકાસના કામોમાં સિંહ ફાળો આપી રહ્યું છે. મહામંડળ દ્વારા ૧૯૯૬થી અવિરતપણે ચાલતી અસ્થિવિસર્જન સેવાના ભાગરૂપે વર્ષ ૨૦૨૧માં પણ આ સેવા કાર્યરત હતી જે અંતર્ગત ૧૨ માસના અંતે ૬૦૮૦ સ્વજનોના અંતિમ સંસ્કાર ગાંધીનગરમાં

**શહેરમાં વર્ષ ૨૦૨૧માં ૩૭૫૬ મૃત્યુ નોંધાયા હતા : કોરોના મહામારીની બીજી લહેરને કારણે બહારગામના પણ અનેક મૃતકોના અંતિમ સંસ્કાર ગાંધીનગર ખાતે કરવામાં આવ્યાં**

થયા હતા જેમનું અસ્થિ વિસર્જન વસાહત મહામંડળના સેવા સૈનિકોની ટીમ દ્વારા હરિદ્વારના "હર કી પૈડી" ઘાટ ખાતે જઈને કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર શહેરમાં થયેલા કુલ મૃત્યુ ૩૭૫૬ નોંધાયા હતા પરંતુ કોરોના કાળમાં અમદાવાદ દહેગામ સહિત ગ્રામ્ય વિસ્તારમાંથી પણ અનેક મૃતકોના અંતિમ સંસ્કાર ગાંધીનગર ખાતે કરવામાં આવ્યા હતા જેના પગલે શહેરમાં કુલ અંતિમ સંસ્કારનો આંકડો વર્ષ ૨૦૨૧માં વિક્રમજનક ૬૦૮૦એ પંહોચ્યો હતો જે તમામ મૃતાત્માઓના અસ્થિવિસર્જનની સેવા મહામંડળ દ્વારા આપવામાં આવી હતી.

અસ્થિવિસર્જન સેવામાં શહેર વસાહત મહામંડળ તરફથી સેવા સૈનિકોમાં શશીકાંત મોઢા, મુકેશભાઈ શુકલ, ઉદયભાઈ ત્રિવેદી, ઉલ્લાસભાઈ વોરા, કરશનભાઈ પરમાર વગેરેએ સેવા આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગત વર્ષે મહામારીની બીજી લહેરે ભારે હાહાકાર મચાવ્યો હતો અને ગાંધીનગરમાં એપ્રિલ, મે અને જુનના ત્રણ જ માસમાં અનુક્રમે ૫૮૫, ૧૦૫૯ અને ૪૧૦ મળીને કુલ મૃત્યુ ૨૦૫૪ નોંધાયા હતા જે તમામ મૃતાત્માઓના અસ્થિનું વિસર્જન પણ વસાહત મહામંડળ દ્વારા કરવામાં આવ્યું હતું. ગાંધીનગર શહેર વસાહત મહામંડળના સ્થાપક પ્રમુખ અરૂણભાઈ બુચે જણાવ્યું છે કે "ચાલુ વર્ષ દરમ્યાન પણ વસાહત મહામંડળની અસ્થિ વિસર્જન સેવા વિના મૂલ્યે કાર્યરત રહેશે". આ સાથે તેમણે ગાંધીનગર શહેર વસાહત મહામંડળના જે સભ્યોએ કોરોના કાળ દરમ્યાન પોતાના સ્વજનોને ગુમાવ્યા છે તે મૃતાત્માઓને શ્રદ્ધાંજલિ વ્યક્ત કરી હતી.

## પેટ્રોલિયમ યુનિવર્સિટીના પૂર્વ વિદ્યાર્થીએ સોલાર ટ્રી બનાવ્યું, કંપનીની કિંમત ૮૦ કરોડ રૂપિયા

### ઉદ્યોગ સાહસિક શનિ પંડ્યાએ વૃક્ષ જેવી ડિઝાઇન ધરાવતી સોલાર પેનલ લગાવી જમીન ઓછી હોય તો પણ ચાલે તેવો કન્સેપ્ટ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર સ્થિત પંડિત દિનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી (પીડીપીયુ)ના એક ભૂતપૂર્વ વિદ્યાર્થીએ સોલાર ટ્રી બનાવ્યું છે. આ ટ્રીના માધ્મયથી સોલાર વીજળી ઉત્પન્ન થઈ રહી છે. આ કંપનીની વેલ્યુ અત્યારે ૮૦ કરોડ રૂપિયાની થઈ છે.

શનિ પંડ્યા નામના પૂર્વ વિદ્યાર્થીએ શહેરોમાં ઓછી જમીનમાં સોલાર પ્રોજેક્ટ કેવી રીતે થઈ શકે તેમ છે તેની ડિઝાઈન પ્રસ્તુત કરી છે જે આગામી દિવસોમાં લોકોને કામ લાગશે. જેમની પાસે જમીન નથી અને સોલાર પાવર જોઈએ છે તેવા લોકો અને સંસ્થાઓ માટે આ ડિઝાઈન કિફાયતી હોવાનું તે કહે છે.

શનિ પંડ્યાએ સોલર ટ્રીની ડિઝાઈન વિકસાવી છે અને તેનું પ્રોડકશન પણ કરે છે. જેમાં વીજળી ઉત્પન્ન કરવા માટે ટ્રી એટલે કે વૃક્ષ જેવી ડિઝાઈનની સોલર પેનલ્સ લગાવવામાં આવે છે. ગાંધીનગર સ્થિત કંપની સોલર ટ્રી, સોલર પાવર્ડ ઈવી ચાર્જિંગ, સોલર ટ્રી ઓન રૂફટોપ, આઉટડોર એડવર્ટાઈઝીંગ અને સોલર ઈપીસી બનાવે છે. તેના આ સાહસને ગાંધીનગર સ્થિત સસ્ટેનેબલ ટેક્નોલોજી ઈનોવેશન કંપનીનો સપોર્ટ મળે છે.

તે કહે છે કે તેણે સોલર પ્રોડક્ટની શોધ કરી છે જેને વૃક્ષની જેમ રોપી શકીએ છીએ. તેનાથી ગ્રાઉન્ડ સ્પેસ ૯૮ ટકા ઘટી જાય છે. તેને રસ્તાની વચ્ચે કે બાજુમાં પટ્ટીઓ પર, બગીચા સહિત અનેક જગ્યાએ લગાવી શકાય છે. આ પૂર્વ વિદ્યાર્થીનો એક પ્રોજેક્ટ ખેડા જિલ્લાના શત્રુડા ગામમાં છે.

ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ કોર્પોરેશન લિમિટેડ (જીઆઈડીસી)એ પણ સાણંદમાં બે સોલર પાવર ટ્રી લગાવ્યા છે. શનિ પંડ્યા કહે છે કે અમે અમારા ગ્રાહકોની જરૂરિયાત મુજબ સોલર ટ્રી કસ્ટમાઈઝ કરીએ છીએ. અમે પાવર ટ્રીમાં ૩૦૦થી વધુ સ્ટ્રીટલાઈટ ઈન્સ્ટોલ કરી છે જે સંપૂર્ણપણે સૌર ઉર્જાથી ચાલે છે. સોલર ટ્રીનાં કારણે તેમની પાસે સૌર-સંચાલિત સ્ટ્રીટ લાઈટ છે અને ૧૬૦૦ ચોરસ ફૂટ કરતાં વધુ જગ્યાની બચત થઈ છે.

## સગીર પર સૃષ્ટિ વિરુધ્ધનુ કૃત્ય આચરવાના ગુન્હામાં આરોપીઓને ૧૦ વર્ષની કેદ

### કલોલના પાનસરનો બનાવ : સગીર દિકરાને ખેતરમાં અને બાથરૂમમાં લઇ જઇ કૃત્ય આચર્યું હતુ

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના પાનસર ગામમાં સગીર વયના દીકરા સાથે સૃષ્ટિ વિરુધ્ધનુ કૃત્ય આચરવાના કેસમાં કોર્ટે બન્ને આરોપીઓને પોક્સો અધિનિયમ ૨૦૧૨ની કલમ ૪ અને ૬ ના ગુન્હામાં દસ વર્ષની કેદની સજા તેમજ રૂ ૫ હજારનો દંડ ભોગવવા આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર કલોલના પાનસરમાં રહેતા આ કેસના આરોપી વિજય બારોટ અને આશિષ પ્રવિણભાઈ પ્રજાપતિએ ત્રણ મહીના અગાઉ સગીર વયના દીકરાને એરંડાના ખેતરમાં લઈ જઈ ખરાબ કૃત્ય કર્યુ હતુ જયારે પંદર દિવસ અગાઉ આરોપી આશિષે ઘરનાા બાથરૂમમાં તેમજ સ્કુટર પર બહાર લઈ જઈને બે વાર સૃષ્ટિ વિરુધ્ધનુ કૃત્ય આચર્યુ હતુ આરોપીએ સગીરને કોઈને કહીશ તો જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી હતી. આ બનાવ સંદર્ભે કલોલ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આ કેસ ગાંધીનગરની બીજા એડીશ્નલ ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે સુનિલ એસ પંડયાએ દલીલો કરી હતી જેમાં તેમણે કોર્ટ સમક્ષ જણાંવ્યુ હતુ કે નાના સગીર વયના દિકરા સાથે સૃષ્ટી વિરુધ્ધનુ કૃત્ય આરોપીઓએ કર્યુ છે. જેથી તેમને વધારેમાં વધારે સજા થવી જોઈએ. તેમજ દંડ પણ કરવો જોઈએ. સમાજમાં આવા કેસો બનતા હોય છે. જેથી લોકોને કાયદાનુ જ્ઞાન થાય તે માટે આરોપીને સજા અને દંડ કરવા માટે પણ કોર્ટ સમક્ષ દલીલ કરી હતી. કોર્ટે ભોગ બનનાર સગીર તેમજ તપાસ કરનાર અધિકારીની જુબાની તેમજ પુરાવાઓને ધ્યાનમાં લઈને જજ એસ એન સોલંકીએ આ કેસના આરોપીઓને પોક્સો અધિનિયમ ૨૦૧૨ની કલમ ૪ અને ૬ ના ગુનામાં ૧૦ વર્ષની કેદની સજા તેમજ રૂ ૨૫૦૦ નો દંડ ભોગવવા આદેશ કર્યો છે. આ ઉપરાંત ઈ પી કો કલમ ૫૦૬ ના ગુન્હામાં એક વર્ષની સજા અને રૂ ૧૫૦૦નો દંડ ભોગવવા પણ આદેશ કર્યો છે.

## રિન્કુ રાઠોડના ગઝલ સંગ્રહનો વિમોચન સમારોહ

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત સાહિત્ય અકાદમી અને શબ્દશ્રી આયોજિત યુવા ગૌરવ પુરસ્કૃત કવયિત્રી રિન્કુ રાઠોડના તૃતીય ગઝલ સંગ્રહ '...તો તમે રાજી ?'નો વિમોચન સમારોહ તા. ૨૩-૧-૨૦૨૨, રવિવાર સાંજે ૫ વાગ્યે અમદાવાદ મેડીકલ એસોસિએશન હોલ ખાતે યોજાશે. પુસ્તકનું વિમોચન પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા કરશે. અતિથિવિશેષ તરીકે અકાદમીના મહામાત્ર ડૉ. જયેન્દ્રસિંહ જાદવ, બ્રજેશકુમાર ઝા (આઈપીએસ) અને એસ.કે. લાંગા (આઈએએસ) ઉપસ્થિત રહેશે.

વિમોચન પ્રસંગે યોજેલ મુશાયરામાં સર્વ રઈશ મનીઆર, હરદ્વાર ગોસ્વામી, અનિલ ચાવડા, વિરલ દેસાઈ, સંદીપસિંહ ચાવડા



ઈત્યાદિ કાવ્યપાઠ કરશે. નારણ ગઢવી, રામ ગઢવી, હરિ ગઢવી, ભીમ ગઢવી, દેવરાજ ગઢવી, ધનરાજ ગઢવી લોકસાહિત્યની રમઝટ બોલાવશે.

## ઉત્તર ગુજરાતમાં દૂધની ડેરી હવે સસ્તાં ઓર્ગેનિક શાકભાજી પણ વેચશે

### પશુપાલકો પાસેથી દૂધ ખરીદતી ડેરી હવે ખેડૂતો પાસેથી સીધા શાકભાજી ખરીદશે અને કોન્ટ્રાક્ટ ફાર્મિંગ પણ કરાવશે

ગાંધીનગર, તા. ૧૯

દૂધની ડેરી હવે નવા વ્યવસાય તરફ ઢળી રહી છે. દૂધ ઉપરાંત દૂધની બનાવટો પછી હવે ખેડૂતો પાસેથી ખરીદ કરીને ઓર્ગેનિક શાકભાજી પણ વેચશે. આ શરૂઆત મહેસાણાની દૂધસાગર ડેરીએ કરી છે. બાગાયતી ખેતી કરતાં ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે ઉદ્દેશથી ડેરીમાં આ વ્યવસાય શરૂ કરવામાં આવી રહ્યો હોવાનું ડેરીના સૂત્રોએ જણાવ્યું છે.

દૂધ સાગર ડેરી હવે ખેડૂતો પાસેથી શાકભાજી ખરીદી કરશે. આ ડેરી ખેડૂતો પાસે કોન્ટ્રાકટ ફાર્મિંગ કરાવશે. અને તેમની પાસે ઓર્ગેનિક શાકભાજીનું વાવેતર કરાવશે. અને આ ઓર્ગેનિક શાકભાજી ખરીદીને બજારમાં મૂકશે. જેથી લોકોને પણ ઓર્ગેનિક શાકભાજી મળી શકે. ડેરી દ્વારા અમૂલ બ્રાન્ડિંગ સાથે ''ડેરી ફ્રેશ'' નામની બ્રાન્ડ સાથે શાકભાજી બજારમાં વેચાણ માટે મૂકવામાં આવશે.

પ્રાકૃતિક શાકભાજીના વાવેતર માટે ખેડૂતોને ખાસ માર્ગદર્શન આપવામાં આવશે. આગામી એકાદ માસ બાદ ડેરી ફ્રેશના બ્રાંડિંગ સાથે પ્રાકૃતિક શાકભાજી બજારમાં મૂકવામાં આવશે. જેની તૈયારીના ભાગરૂપે અમુલનું ડેલિગેશન છેલ્લા ત્રણ માસથી દૂધ સાગર ડેરીની મુલાકાત લઈ રહ્યું છે. અને ખેડૂતો કઈ રીતે પ્રાકૃતિક ખેતી કરીને આવક બમણી કરી શકે તેના માટે ડેરીના ચેરમેન, અધિકારીઓ અને ખેડૂતો સાથે પરામર્શ કરી રહ્યું છે. કેન્દ્ર સરકાર અને ફેડરેશનના એક મત મુજબ સુગર, સહકારી બેંકો અને દૂધ સંઘોમાં ગુજરાત સફળ છે.

પ્રાકૃતિક બાગાયત ખેતીથી ખેડૂતની આવક ડબલ કરવાના લક્ષ્ય તરફ આગળ વધવામાં દૂધ સાગર ડેરી એક સફળ પ્રયોગ કરવા તરફ આગળ વધી રહી છે. જેના માટે ડેરી દ્વારા પ્રાકૃતિક ખેતી કરવા માંગતા ખેડૂતોને બિયારણ પણ ડેરી પૂરું પાડશે. ખેડૂતો સાથે સમજૂતી કરાર કરીને ખેડૂતો પાસે પ્રાકૃતિક બાગાયત ખેતી કરાવશે. અને તે પ્રાકૃતિક ખેતીનું વૈજ્ઞાનિક પદ્ધતિ થી કામ થાય એ માટે ડેરીના વૈજ્ઞાનિકો અને અધિકારીઓ દ્વારા પણ દેખરેખ રખાશે.

## માવઠાના લીધે માછીમારોને દરિયો નહીં ખેડવા સૂચના

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ગુજરાત પર ફરી એકવાર માવઠાનું સંકટ આવ્યું છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે આજથી સૌરાષ્ટ્ર-કચ્છ અને દીવ દમણમાં વાદળછાયું વાતાવરણ રહેશે. જ્યારે ૨૦ જાન્યુઆરીએ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ અને સાબરકાંઠા સહિત કચ્છના વિસ્તારોમાં હળવો વરસાદ થઈ શકે છે. જ્યારે ૩૧ જાન્યુઆરી મહેસાણા, દ્વારકા, જામનગર, જુનાગઢ, મોરબી, રાજકોટ અને પોરબંદરમાં હળવો કમોસમી વરસાદ પડવાની સંભાવના છે. હવામાન વિભાગની આગાહી અનુસાર ૨૩ જાન્યુઆરી વડોદરા, પંચમહાલ, દાહોદ, ભરૂચ, છોટાઉદેપુર અને સુરતમાં હળવો વરસાદ થઈ શકે છે. આગામી પાંચ દિવસ કચ્છ અને સૌરાષ્ટ્રના દરિયા કિનારે ભારે પવન ફૂંકાશે.

## ક્ષુલ્લક ફરિયાદો માટે મુખ્યમંત્રી ઓનલાઈન પોર્ટલનો દુરૂપયોગ કરતાં નાગરિકો

### કોરોના કાળમાં મજૂરો ના મળવાથી સે.૫માં અટકેલાં એક મકાન રિનોવેશનની કેટલીક ઇંટો કોમન ચોકમાં સાઇડમાં પડી હોવા છતાં પડોશીએ મુખ્યમંત્રી ઓનલાઇન પોર્ટલ પર ફરિયાદ કરતા મનપાનું તંત્ર દોડતું થઇ ગયું

ગાંધીનગર તા.૧૯

આજકાલ ડિજિટલ ઈન્ડિયાના સમયગાળામાં અને ખાસ કરીને કોરોના કાળમાં જ્યારે ઓનલાઈનનું ચલણ વધી ગયું છે તેવા સમયમાં વિવિધ નાગરીક સુવિધાલક્ષી ફરિયાદો બાબતે પણ સરકાર દ્વારા ઓનલાઈન પ્લેટફોર્મ પુરૂ પાડવાનો અભિગમ અપનાવાઈ રહ્યો છે જે એક આવકારદાયક બાબત છે પરંતુ ઓનલાઈન પ્લેટફોર્મ પરથી સરળતાથી ઘરે બેઠા કોઈપણ જાતની દોડાદોડી વગર આસાનીથી થઈ શકતી ફરિયાદોનો કેટલાંક નાગરિકો દ્વારા દુરુપયોગ કરવામાં આવે તેવી પણ સ્થિતિ સર્જાતી જોવા મળી રહી છે. શહેરમાં એક વસાહતીના મકાનમાં રિનોવેશન કાર્યની વધેલી થોડીક ઈંટો કાળમાં મજૂરો ના મળવાથી ઘરની સામે પડી હોવાથી તે અંગે તેના પડોશીએ સીધા મુખ્યમંત્રીને ઓનલાઈન પોર્ટલ ઉપર ફરિયાદ નોંધાવી દેતા આવી ક્ષુલ્લક બાબતે સમગ્ર તંત્ર દોડતું થઈ જવા પામ્યું હતું.

બનાવની પ્રાપ્ત વિગત મુજબ શહેરના સેક્ટર-૫માં એક વસાહતીએ પોતાના મકાનનું રિનોવેશન કાર્ય હાથ ધર્યુ હતુ જે જે રિનોવેશન કાર્ય લગભગ પૂર્ણતાના આરે પહોંચવા આવ્યું ત્યારે જ કોરોના મહામારીનું જોર વધી જતાં શ્રમિકોએ કામ પર આવવાનું બંધ કરી દીધું હતું જેના કારણે રિનોવેશન કાર્ય અટકી પડ્યુ હતું. આ રિનોવેશન કાર્ય માટે વસાહતીએ ખરીદેલી ઈંટો પૈકી વધેલી કેટલીક ઈંટો તેની ઘરની સામેના ખુલ્લા કોમન પ્લોટમાં એક તરફ મુકવામાં આવેલી હતી જે બાબતે તેમના નજીકમાં રહેતા એક પડોશીએ મુખ્યમંત્રીના ઓનલાઈન પોર્ટલ ઉપર ફરિયાદ કરીને નડતરરૂપ હોવાથી હટાવવા અરજી કરી હતી. મુખ્યમંત્રીના ઓનલાઈન પોર્ટલ પરથી આ અરજીના ઉકેલ માટે મહાનગર પાલિકાને તાકિદ કરવામાં આવતા મનપાના કર્મચારીએ સ્થળ પર જઈને વસાહતીને "સત્વરે તમારી ઈંટો હટાવી લો અથવા તો બીજા દિવસે જેસીબી મશીન આપીને ઉઠાવી જશે" તેવી ચીમકી આપતા વસાહતી ડઘાઈ ગયો હતો. આ બાબતે તુરંત મનપા કચેરીએ જઈને રજુઆત કરતા મનપાના અધિકારીઓએ પણ આ બાબતને સમજીને તુરંત જ કર્મચારીઓને ઈંટો ન હટાવવા માટે સુચના આપવાના ચક્રો ગતિમાન કર્યા હતાં. વસાહતીઓ દ્વારા કોઈપણ પ્રકારનું કાયમી દબાણ કે ગંદકી કરવામાં આવી ન હોવાથી મનપાએ કાર્યવાહી કરવાની રહેતી નથી તેવો સૂર અધિકારીનો રહેવા પામતા વસાહતીને હાશકારો થયો હતો. જોકે સમગ્ર ઘટનામાં ઊડીને આંખે વળગે તેવી બાબત એ છે કે ઓનલાઈન પ્લેટફોર્મ પર ફરિયાદ કરવાની સુવિધા મળી જાય એટલે ગમે તેવા ક્ષુલ્લક બાબતો પણ ફરિયાદ કરી દેવાથી સમગ્ર તંત્રનો સમય અને નાણાંનો પણ વ્યય થાય છે તેઓ ફરિયાદ કરનાર નાગરિકોએ ધ્યાનમાં રાખવું જોઈએ તેવું અત્રે જરુરી જણાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે નાગરિક છે પોતાનો નાગરિક ધર્મ અનુસાર પોતાના રહેણાંકની આસપાસ જાહેર ખુલ્લી જગ્યાઓમાં ગંદકી કરવી, પાન મસાલા ખાઈને જ્યાં ત્યાં થૂંકવું કે રોડ પર પાનની પિચકારીઓ મારવી અથવા પર્યાવરણને નુકશાન થાય તેવા કાર્યો કરવાથી દૂર રહેવું જોઈએ.

## પોઝીટીવિટી રેટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પીક પર પહોંચવા લાગશે. બેંગ્લુરુ સ્થિત IISc-ISIમાં સેન્ટર ફોર નેટવર્ક્ડ ઈન્ટેલિજન્સની ટીમ દ્વારા ઓમિક્રોન પર પ્રસ્તુત પ્રોજેક્ટ્સ જાન્યુઆરી-માર્ચ ૨૦૨૨ IISc-ISI Modelમાં પણ ભવિષ્યવાણી કરાઈ છે કે ત્રીજી કોવિડ લહેર જાન્યુઆરીના અંત અને ફેબ્રુઆરીની શરૂઆતમાં ચરમ પર હોઈ શકે છે. તે સમયે રોજના ૧૦ લાખ કેસ આવી શકે છે. જો કે જોશીએ એમ પણ કહ્યું કે ત્રીજી લહેરનો પીક અલગ અલગ રાજ્યોમાં અલગ અલગ રીતે હશે. કેસમાં કમીથી ભારતમાં ત્રીજી લહેરનો અંત પણ થશે. કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે મંગળવારે કહ્યું કે ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં સંક્રમણના ૨,૩૮,૦૧૮ નવા કેસ આવ્યા અને કુલ ૩૧૦ લોકોના કોરોનાથી મોત થયા. કોવિડ કેસના લેટેસ્ટ આંકડામાં ઘટાડો જોવા મળ્યો છે. સોમવારે દેશમાં કોરોનાના ૨,૫૮,૦૮૯ નવા કેસ નોંધાયા હતા અને ૩૮૫ લોકોના મોત થયા હતા.

## ઉબડખાબડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટે પણ નવી લાઈન નાંખવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવાનુ પણ મુશ્કેલ છે. શહેરના નવા સેકટરોમાં અલબત્ત સે-૧ થી ૫ માં માર્ગોના રીસરફેસીંગની કામગીરી લાંબા સમયથી હાથ ધરવામાં આવી નથી. આ સેકટરોમાં પૈકી સે-૩ , સે-૪ અને સે-૫ માં કેટલાક વિસ્તારમાં રસ્તાઓ અત્યંત ખરાબ થઈ ગયા છે. જેથી ત્વરિત આ વિસ્તારમાં માર્ગોને યોગ્ય કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવે તેવી માંગણી પણ ઉઠવા પામી છે.